# <u>પ્રેસનોટ</u>

## ગણનાપાત્ર જુગારનો કેસ શોધી કાઢતી

## શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, અ'વાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી એ.કે.પટેલ તથા પો.સ.ઈ.શ્રી એસ.એ.દેસાઈ તથા સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/ જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે " <u>ગિરધરનગર સ્લમ કવાર્ટસની ખુલ્લી જગ્યામાં</u> " કેટલાક માણસો ભેગા મળી પૈસા પાનાથી તીન પત્તીનો હાર જીતનો જુગાર રમે છે' વિગેરે હકીકત આધારે રેઈડ કરતા કુલ્લે-૦૬ આરોપીઓને સ્થળ ઉપર પકડી અંગઝડતીના તથા દાવના રોકડ <u>રૂ.૧૨૭૪૦/-</u> તથા <u>મોબાઇલ ફોન નંગ-૦૧</u> જેની <u>કિં.રૂ.૧૪,૦૦૦/-</u> તથા ગંજીપાના નંગ-૫૨ જેની કી.રુ.૦૦/૦૦ મળી એમ કુલ્લે <u>રૂ.૨૬,૭૪૦/-</u>નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ ઈસમોને ધી જુગારધારા કલમ-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા.૧૮/૦૮/૨૦૧૯

Scanned with CamScanner